# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23/06/2026** **Morning : 7.10 to 7.20**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડીયા** વાંચે છે.

---

1. **વડનગરથી મુખ્યમંત્રીના હસ્તે આજથી રાજ્યના 24મા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ આરંભ થશે.**
2. **રાજ્ય સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ અંતર્ગત 5 હજાર 200 અરજદારોની રજૂઆતોને સંબંધિત વિભાગને કાર્યવાહી માટે મોકલાઇ.**
3. **દરિયાકાંઠે મરીન ટાસ્ક ફોર્સનું મેગા કોમ્બિંગ ઓપરેશન.. અસાલ્ટ ડોગ સાથે સઘન પેટ્રોલિંગ..**
4. **જામનગરમાં 23 કરોડથી વધુના બોગસ બિલિંગ કૌભાંડમાં રાજ્ય કરવેરા વિભાગે પિતાપુત્રની ધરપકડ કરી.**
5. **રાજ્યના છુટાછવાયા વિસ્તારોમાં વરસાદના યલો એલર્ટની આગાહી વચ્ચે 51 તાલુકાઓમાં વરસાદ.**
6. **એશિયન મેન્સ વોલિબોલમાં ભારતનો ચાઈનીઝ તાઈપેઈ સામે 3-1થી વિજય.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# SCHOOL PRAVESHOTSAV

રાજ્યભરમાં આ જથી 24મા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મહેસાણા જિલ્લાના વડનગરની બી.એન. હાઈસ્કુલ ખાતે આ કાર્યક્રમનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે. સાંભળીએ એક અહેવાલ..

**V/C –HEMANGINI SONARA**

...............................

# SHALA PRAVESHOTSAV

રાજ્ય સરકાર દ્વારા શિક્ષણના વ્યાપ અને ગુણવત્તા વધારવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્યવ્યાપી "કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ - 2026" દ્વારા બાળકોને શાળામાં પ્રવેશ અપાશે. ત્રિ દિવસીય ચાલનારા આ 24માં શાળા પ્રવેશોત્સવમાં આજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ગાંધીનગર જિલ્લાના અડાલજની કુમાર પ્રાથમિક શાળાના બાળકોને પ્રવેશ અપાવશે.

અમદાવાદ જિલ્લાની 681 સરકારી પ્રાથમિક તથા 618 માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરાશે. જેમાં મહાનુભાવોના હસ્તે કુલ 65 હજાર 458 બાળકોને શાળા પ્રવેશ કરાવાશે.

પાટણ જિલ્લામાં 958 શાળાઓમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ યોજાશે.પાટણ જિલ્લા પ્રભારી મંત્રી સ્વરૂપજી ઠાકોર રાધનપુર ખાતે યોજાનારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી બાળકોને પ્રવેશ અપાવશે. જેમાં ધોરણ- 1માં 15 હજાર 758, બાલવાટિકામાં 13 હજાર 403 તથા માધ્યમિક કક્ષાએ 27 હજાર 163 વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે.

ખેડા જિલ્લાનાં કઠલાલ તાલુકામાં આંગણવાડી પ્રવેશ ઉત્સવ-૨૦૨૬ ની ઉજવણી થઈ રહી છે. નવતર પહેલ રૂપે , આંગણવાડીના ભૂલકાઓના હસ્તે મહાનુભાવોને આમંત્રણ પત્રિકા અર્પણ કરવામાં આવી.

સુરતમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમાર સુરત જિલ્લામાં બાળકોને શાળાપ્રવેશ કરાવશે. આજે બારડોલી તાલુકામાં રમતગમત રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામીતની ઉપસ્થિતિમાં 'શાળા પ્રવેશોત્સવ' યોજાશે. ધારાસભ્ય ગણપતસિંહ વસાવા ઉમરપાડા તાલુકાની ત્રણ શાળામાં વિદ્યાર્થીઓને શાળાપ્રવેશ કરાવશે. **1** હજાર **553** શાળાઓના **32** હજારથી વધુ બાળકોને મહાનુભાવોના હસ્તે પ્રવેશ કરાવાશે.

**...............................**

# SWAGAT ONLINE

**રાજ્ય સ્વાગત ઓનલાઇન કાર્યક્રમમાં 120થી વધુ અરજદારો પોતાની રજૂઆતો સાથે મુખ્યમંત્રી કાર્યાલયના જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા સ્વાગતમાં 2 હજાર 228 અને તાલુકા સ્વાગતમાં 2 હજાર 854 સહિત સમગ્રતયા 5 હજાર 200 અરજદારોની રજૂઆતો અંગે સંબંધિત વિભાગને જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવી હતી.**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ છોટાઉદેપુર , મહેસાણા જિલ્લાના ખેડૂતોએ પુનર્વસન અંતર્ગત મળવાપાત્ર જમીન , ગૌચર જમીન પર થયેલા દબાણ , જમીન રિ-સરવેમાં વિસંગતા અંગે રજૂઆત મળી હતી.**

**મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે જિલ્લા કક્ષાના પ્રશ્નોના નિરાકરણ માટે જિલ્લા કલેક્ટર યોગ્ય સત્તાધિકારી છે અને તેમણે આગેવાની લઈ લોકોના પ્રશ્નોનો સમયસર અને અસરકારક નિર્ણય કરવો જોઈએ.**

**...............................**

# PORBANDAR TAST FORCE COMBING OPERATION

દરિયાકાંઠે મરીન ટાસ્ક ફોર્સનું મેગા કોમ્બિંગ ઓપરેશન હાથ ધરાયું હતું.. ટાસ્ટ ફોર્સે સુભાષનગર સુપરગેસથી જાવર સુધી અસાલ્ટ ડોગ સાથે સઘન પેટ્રોલિંગ કર્યું હતું.

મરીન કમાન્ડો સાથે અલગ અલગ હિટ ટીમો બનાવી , અસાલ્ટ ડોગને સાથે રાખી ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું. આ પેટ્રોલિંગ દરમિયાન દરિયાઈ માર્ગે થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ , સંભવિત ઘુસણખોરી અટકાવવી , નિર્જન વિસ્તારોમાં શંકાસ્પદ ચીજોની ચકાસણી જેવા મુદ્દાઓ પર ખાસ ધ્યાન અપાયું હતું , સાથે જ સ્થાનિક માછીમારો અને સાગરખેડુઓને દરિયાઈ સુરક્ષા અંગે જાગૃતિ આપવામાં આવી હતી. મરીન ટાસ્ક ફોર્સ દ્વારા દુરબીનના સહારે સમુદ્રમાં દેખાતી શંકાસ્પદ બોટ અથવા હિલચાલ પર નજર રાખવામાં આવી અને આ વિસ્તારના અવાવરૂ દરિયાકિનારાના વિસ્તારોમાં ઝીણવટપૂર્વક ચેકિંગ હાથ ધરાયું હતું.

..............................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ

A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

...................................

# NARMADA MOU

રાજ્યમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ અંતર્ગત નર્મદા જિલ્લા કક્ષાની યોજાયેલી કોન્ફરન્સમાં **9.98** કરોડ રૂપિયાના સમજૂતીના કરાર પર હસ્તાક્ષર થયા હતા. આ કરારથી વિકાસના નવા દ્વાર ખુલશે તેવી રાજ્યમંત્રી ઇશ્વરસિંહ પટેલે આશા વ્યક્ત કરી હતી. આ કરારને કારણે જિલ્લાના ઔદ્યોગિક, પ્રવાસન અને રોજગાર વિકાસને નવી દિશા મળશે.રાજ્ય મંત્રીએ વિકસિત નર્મદાથી વિકસિત ગુજરાત અને વિકસિત ભારત તરફ મજબૂત પગલું ગણાવ્યું હતું.

BYTE- ISHWARSINH PATEL, MINISTER OF STATE

...............................

# JAMNAGAR - TAX EVASION

જામનગરના દરેડ GIDC વિસ્તારમાં રાજય GST વિભાગે બોગસ બિલિંગ અને કરચોરી કૌભાંડમાં બે ની ધરપકડ કરી છે. GST વિભાગની તપાસ બાદ, 23 કરોડથી વધુની ખોટી વેરાશાખની ચોરી આચરવાના કેસમાં શહેરની એક ભંગારની પેઢીના પિતા-પુત્રની ધરપકડ કરવામાં આવી છે.

બ્રાસના ભંગારના વેપારમાં મોટા પાયે બોગસ બિલિંગ થતું હોવાની ચોક્કસ ફરિયાદો અને માહિતીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. રાજકોટ અને અમદાવાદ જીએસટી વિભાગના ઉચ્ચ અધિકારીઓની 22 ટીમો તપાસમાં જોડાઈ હતી.

..............................

# AMC RESCUE

અમદાવાદ શહેરને ભિક્ષાવૃત્તિ મુક્ત બનાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, પોલીસ વિભાગની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ તથા ગુજરાતના સમાજ સુરક્ષા વિભાગના સંયુક્ત પ્રયાસોથી ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ ઝોન વિસ્તારમાં વિશેષ એન્ટી બેગિંગ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 44 બાળકોને ઉગારવામાં આવ્યાં હતા. આ ઝુંબેશ દરમિયાન શહેરના 41 થી વધુ હોટસ્પોટ સ્થળોએ સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન ભિક્ષુકો તથા બાળકો સહિત ભિક્ષાવૃત્તિ સાથે સંકળાયેલા વ્યક્તિઓને રેસ્ક્યૂ કરવામાં આવ્યા હતા. સમિતિના માર્ગદર્શન મુજબ

કુલ 44 બાળકોમાંથી 4 બાળકોને બાળ સંરક્ષણ ગૃહમાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યારે બાકીના 40 બાળકોને તેમના માતા-પિતાને ભવિષ્યમાં બાળકો પાસેથી ભિક્ષાવૃત્તિ ન કરાવવાની શરતે પરત સોંપવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઝુંબેશ દરમિયાન ભિક્ષાવૃત્તિમાં સંકળાયેલા કુલ 15 પુરુષો અને 5 મહિલાઓને નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટના આદેશ અનુસાર પુરુષોને ઓઢવ ભિક્ષુક ગૃહ તથા મહિલાઓને ડભોડા ભિક્ષુક ગૃહ ખાતે ખસેડવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

..............................

# WEATHER

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે અને કેટલાક વિસ્તારો માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં સામાન્યથી મધ્યમ વરસાદની શક્યતા વ્યકત કરવામાં આવી છે.

અમદાવાદ, આણંદ, ખેડા અને દાહોદ , મહીસાગર, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં પણ વરસાદની શક્યતા છે.

દરમિયાન લઘુત્તમ તાપમાનમાં આગામી સાત દિવસ મોટા ફેરફારની શક્યતા નહિવત હોવાનું હવામાન વિભાગના વડા ડૉ. એ કે દાસે જણાવ્યુ છે.

BITE - **DR.A.K.DAS**

..............................

# GUJARAT RAIN

રાજ્યમાં અસહ્ય ગરમી વચ્ચે કેટલાક સ્થળોએ વરસાદ વરસી રહ્યો છે. ચોમાસુ પ્રવૃત્તિઓ ધીમેધીમે વધી રહી છે ત્યારે ગઇકાલે સવારના છ વાગ્યાથી લઇને આજે મળસ્કે ચાર વાગ્યા સુધીમાં રાજ્યના 51 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો... સૌથી વધુ ભાવનગરમાં 47, સુરતના ઉમરપાડામાં 45 અને નર્મદાના સાગબારામાં 39 મીલીમીટર વરસાદ વરસ્યો હતો.

બોટાદ શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારમાં અને છોટાઉદેપુરમાં પણ વરસાદ થયાના અહેવાલ છે.

..............................

# VALLEY BALL

અમદાવાદમાં ચાલી રહેલી AVC મેન્સ કપ 2026 વોલીબોલ સ્પર્ધામાં યજમાન ભારતે વધુ એક શાનદાર જીત નોંધાવી છે. પૂલ- A ની મહત્વપૂર્ણ મેચમાં ગઇકાલે ભારતે ચાઈનીઝ તાઈપેઈને 3-1થી હરાવી સતત ત્રીજો વિજય મેળવ્યો છે.

મેચની શરૂઆતમાં ભારત પ્રથમ સેટ 22-25 થી હારી ગયું હતું , પરંતુ ત્યારબાદ ભારતીય ખેલાડીઓએ જોરદાર લડત આપી હતી. ભારતે ત્રણેય સેટ 25-14, 25-22 અને 25-22થી જીતી મેચ પોતાના નામે કરી હતી. આ જીત સાથે ભારતે ત્રણ મેચમાં નવ પોઈન્ટ મેળવી પૂલ-એમાં ટોચનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું છે.

ભારત હાલ નવ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને છે. બહેરીન છ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે ,જ્યારે ચાઈનીઝ તાઈપેઈ ત્રણ પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે છે. કઝાકિસ્તાન બે પોઈન્ટ સાથે ચોથા ,ઓસ્ટ્રેલિયા એક પોઈન્ટ સાથે પાંચમા અને ન્યૂઝીલેન્ડ શૂન્ય પોઈન્ટ સાથે છેલ્લે છે.

..............................